તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૧૬, બુધવાર ; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રેપોરેટમાં ઘટાડો છતાં કોર્પોરેટ જગત હતાશ
- દેશમાં પોલીસ દળમાં હજુ ૨૪.૮ ટકા જગ્યા ખાલી
- પ્રિયંકા ચોપડાને વ્હાઇટ હાઉસમાં ડીનર માટે નિમંત્રણ
- ખાતાઓની કાયદેસરતા નક્કી કરવા ચકાસણી કરાશે : રાજન
- યોજનાઓ અંગે માહિતી મેળવવા આઠ લાખ ફોન
- બિહારમાં શરાબના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લદાયો
- ફંડની ફાળવણી પ્રશ્ને સુપ્રીમ દ્વારા ક્રિકેટ બોર્ડની ઝાટકણી
- ભૂકંપ અંગે ઇસરો-નાસા સેટેલાઇટ છોડવા તૈયાર
- પઠાણકોટ હુમલો ડ્રામા તરીકે છે : JITના હેવાલથી વિવાદ
- વ્યાજ દરમાં હજુ વધુ ઘટાડો થવાની શક્યતા
- સુનિલ ગાવસ્કર ખુબ જ મોંઘા પુરવાર થઇ રહ્યા છે : રિપોર્ટ

# રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો


**રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો આશ્ચર્યજનકરીતે વધારો : રેપો રેટ ઘટીને ૬.૫૦ ટકા થયો પરંતુ રિવર્સ રેપો રેટ વધીને હવે ૬ ટકા થઇ ગયો : કેશ રિઝર્વ રેશિયોને યથાવતરીતે ચાર ટકા રાખવાનો નિર્ણય કરાયો**

મુંબઈ,તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા બેંકરો અને નિષ્ણાંતોની અપેક્ષા મુજબ જ રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ હવે ઘટીને ૬.૫૦ ટકા થઈ ગયો છે. જો કે આરબીઆઈએ તમામને ચોંકાવી દઈને રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દીધોછે. આની સાથે જ રિવર્સ રેપો રેટ વધીને ૬ ટકા થઈ ગયો છે.બીજી બાજુ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે રાખ્યો છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિના બાદ પ્રથમ વખત વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેટ પાંચ વર્ષથી વધુ સમયમાં સૌથી નીચી સપાટી પર પહોંચી ગયો છે. વ્યાજદરમાં ઘટાડો થયા બાદ હોમ અને કાર લોન તેમજ અન્ય લોન સસ્તી થવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. આરબીઆઈની નાણાંકીય નિતી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. પોલીસી સમીક્ષામાં લેવામાં આવેલા પગલા નિષ્ણાંતો અને બેંકરો મુજબ જ રહ્યા હતા. જો કે કેટલાક આશ્ચર્યજનક નિર્ણય પણ કરવામાં આવ્યા હતા. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૫.૨ ટકા થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે બીજી ફેબ્રુઆરીના દિવસે તેની અગાઉની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા આરબીઆઈએ તમામ ચાવીરૂપ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બીજી ફેબ્રુઆરી પહેલા રિઝર્વ બેંક ઓફ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતની સૌથી ઝડપી ટ્રેન ગતિમાન એક્સપ્રેસ લોન્ચ



**રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ લીલીઝંડી આપી : આ ટ્રેન ૧૦૦ મિનિટના ગાળામાં દિલ્હીથી આગરા કેન્ટ રેલવે સ્ટેશન સુધી અંતર કાપશે**

નવી દિલ્હી,તા. ૫

ભારતની સૌથી ઝડપી ટ્રેન ગતિમાન એક્સપ્રેસ આજે સવારે શરૂ થઈ ગઈ હતી. આની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. આજે સવારે નવી દિલ્હીના હઝરત નિઝામુદીન સ્ટેશનથી આગરા વચ્ચે આ ટ્રેન દોડી હતી. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આ ટ્રેનને લીલીઝંડી આપી હતી. આ ટ્રેન ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડનાર છે. આ ટ્રેન ૧૦૦ મિનિટના ગાળામાં દિલ્હીથી આગરા કેન્ટ રેલવે સ્ટેશન સુધી અંતર કાપશે. હજુ સુધી યાત્રીઓને કેટલીક વખત તો આઠ કલાક સુધી સમય લાગી જતો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# શેરબજારમાં મંદીનું મોજુ

**ફરીથી સેંસેક્સમાં ૫૧૬ પોઈન્ટનો કડાકો : વ્યાજદરમાં ઘટાડો છતાં નબળા પરિબળોની માઠી અસર સેંસેક્સ ૨૪૮૮૪ની નીચી સપાટીએ : નિફ્ટી ૧૫૬ પોઈન્ટ ઘટી ૭૬૦૩ની સપાટીએ**

મુંબઈ,તા. ૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકરો અને અર્થશાસ્ત્રીઓની અપેક્ષા મુજબ જ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હોવા છતાં શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. આના માટે નબળા વૈશ્વિક પરિબળો જવાબદાર રહ્યા છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૫૧૬ પોઈન્ટ ઘટીને ૨૪૮૮૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૫૬ પોઈન્ટ ઘટીને ૭૬૦૩ની સપાટીએ રહ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે જે અપેક્ષા મુજબ છે પરંતુ થાપણના દરમાં ઘટાડો કરવા માટે બેંકો માટે અવકાશ છે. જાણકાર લોકો એમ પણ માની રહ્યા છે કે, બેંકિંગ વ્યવસ્થા આગામી દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

## ડોલરની સામે રૂપિયો ૨૯ પૈસા ઘટીને અંતે બંધ રહ્યો

મુંબઈ,તા. ૫

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મૂડી પ્રવાહ બહાર જવાના લીધે રૂપિયો આજે નબળો રહ્યો હતો. મંગળવારના દિવસે ઉથલપાથલ વચ્ચે રૂપિયો નબળાઈ સાથે બંધ રહ્યો હતો. આજે કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૨૯ પૈસા ઘટીને ૬૬.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો. કારોબાર દરમિયાન ડોલર સામે રૂપિયો આજે ૬૬.૫૧ અને ૬૬.૦૭ની રેંજમાં રહ્યો હતો.

# મેટ્રો કેસમાં સંજય ગુપ્તાને હાઈકોર્ટે જામીન આપ્યા

**બિલો બનાવી પૈસાની ઉચાપતનો મામલો : પ્રથમ બે સપ્તાહમાં ૫૦ લાખ, બીજા બે સપ્તાહમાં બીજા ૫૦ લાખ જમા કરવા હુકમ**

અમદાવાદ, તા.૫

મેટ્રો પ્રોજેક્ટ કૌભાંડ કેસમાં ભૂતપૂર્વ આઈએએસ સંજય ગુપ્તાને શરતી જામીન આપી દેવામાં આવ્યા છે. સંજય ગુપ્તાને પ્રથમ બે સપ્તાહમાં ૫૦ લાખ અને બીજા બે સપ્તાહમાં બીજા ૫૦ લાખ જમા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે મેટ્રો રેલ પ્રોજેક્ટના ૧૧૩ કરોડના કૌભાંડમાં મેગા કંપનીના પૂર્વ ચેરમેન ગુપ્તાને જામીન આપી દીધા છે. મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી દરમિયાન મેગા કંપનીની સાઈટ પર સ્ટીલનાં સળીયા લાવ્યા વગર જ બિલો બનાવી પૈસાની ઉચાપત કરી લેવાની ફરીયાદ ડિસેમ્બર ૨૦૧૪માં સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. મેગાનાં એડીશનલ કલેકટર રાજેશ મહેતા દ્વારા નોંધાવવામાં આવેલી આ ફરીયાદાં સિનીયર કન્ટ્રકશન મેનેજર રાધેશ ભટ્ટ દ્વારા રૂ. ૨,૬૨,૨૦,૭૩૭ની કિમતનું ૬૦૩ મેટ્રીક ટન સાઈટ પર ઉતાર્યા વગર બહાર વેચીને પૈસા મંજુર કરાવી ઉચાપત કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર પોલીસે સ્ટીલ સળીયા કૌભાંડમાં તપાસ કરતા સંજય ગુપ્તાનો જ દોરી સંચાર હોવાનું સામે આવ્યું હતું. જેના પગલે સંજય ગુપ્તાની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન તા. ૬ઠી ડિસેમ્બરમાં રોજ ગાંધીનગર ડીવાયએસપી એ બી વાટલીયા દ્વારા સંજય ગુપ્તાની આઈપીસી કલમ ૪૦૯, ૪૧૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિ. ૧૯૮૮ ક.૧૩(૧)સી.ડી(૨)નાં સેકટર ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

# યુવાનોની આત્મનિર્ભરતા માટે-સ્ટેન્ડ અપ ઈન્ડિયા

**ઉત્તર પ્રદેશના નોઇડામાં સ્ટેન્ડઅપ ઇન્ડિયા સ્કીમ લોંચ : દલિત, આદિવાસી સમુદાયના લોકોના જીવન ધોરણને બદલી દેવાશે : એક કરોડ સુધીની લોન : ઇ-રીક્ષાવાળાઓ સાથે ચા પર ચર્ચા : ઇ-રીક્ષામાં મુસાફરી**

નાઇડા,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વધુ એક મહત્વકાંક્ષી યોજના સ્ટેન્ડઅપ ઈન્ડિયા લોંચ કરી દીધી હતી. આ પ્રસંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, દેશના વિકાસમાં દલિતો પણ યોગદાન આપી શકે છે. ભગવાને જે શક્તિ, ક્ષમતા અને કુશળતા તેમને આપી છે તે શક્તિ અને કુશળતા દેશના વિકાસમાં લગાવે તેવી જરૂર છે. સમાજમાં પાછળ રહી ગયેલા લોકોને પણ આગળ આવવાની તક મળવી જોઈએ તેમને કોઈના આધાર પર રહેવું જોઈએ નહીં. મોદીએ કહ્યું હતુ કે, સરકાર આખરે કેટલા લોકોને રોજગારી આપશે. લોકો આખરે ક્યાં સુધી રોજગારીની શોધમાં રહેશે. આ યોજના હેઠળ બેંકની દરેક બ્રાંચ પોતાના ક્ષેત્રમાં એક દલિત, એક મહિલા અને એક આદિવાસીને લોન આપશે. મોદીએ ઉમેર્યુ હતું કે, બાબુ જગજીવનરામ મેરિટની તરફેણમાં









હતા. સરકાર આ યોજના હેઠળ ૨.૫ લાખ દલિત કારોબારી તૈયાર કરશે. આ યોજના હેઠળ ૫૧૦૦ ઈ-રિક્ષાની ફાળવણી કરવામાં આવી છે. ઈ-રિક્ષામાં મુસાફરી કરતા પહેલા મોદી રીક્ષા વાળાઓને પણ મળ્યા હતા અને તેમની સાથે ચા ઉપર ચર્ચા કરી હતી. મોદીની સાથે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ રામ નાયક અને કેન્દ્રીય પ્રધાન મહેશ શર્મા પણ હતા. આ લોકોએ પણ ઈ-રીક્ષામાં મુસાફરી કરી હતી. વડાપ્રધાનના મંચ ઉપર ભાજપ ૧૭ પ્રદેશ સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ આ પ્રસંગે સ્ટેન્ડ અપ ઈન્ડિયા વેબપોર્ટલની શરૂઆત કરી હતી. આ યોજનાથી મોટી સંખ્યામાં લોકોને રોજગારીની તક મળશે. ઉત્તર પ્રદેશના નોઈડામાં સ્ટેન્ડઅપ ઈન્ડિયા સ્કીમની શરૂઆત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ઈ-રીક્ષા એ લોકોને આપવામાં આવશે જે લોકોની પાસે પોતાના રીક્ષા નથી. આ સ્કીમથી દલિતો અને આદિવાસી સમુદાયના લોકોના જીવન ધોરણને બદલી શકાશે. નોકરી મેળવવા ઈચ્છુક લોકો હવે નોકરી આપનાર બને તે જરૂરી છે. સ્ટેન્ડઅપ ઈન્ડિયાનો હેતુ દરેક ભારતીયને તેના પગ ઉપર ઉભા કરવાનો છે. બાબુ જગજીવનરામને શ્રદ્ધાંજલિ આપતા મોદીએ કહ્યું હતું કે, જગજીવનરામે વર્ષો સુધી દેશની સેવા કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અધતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

# આજે ભાજપની ગૌરવકૂચ નિકળશે

**સાડાત્રણ કિ.મી.ના માર્ગ પર યાત્રા ફરી અને સભાના રૂપમાં ફેરવાશે : મહેન્દ્ર પટેલ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આજે ગૌરવકૂચ યોજવામાં આવશે અને તેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ જિલ્લાના પાંચ હજાર જેટલા કાર્યકરો જોડાશે તેમ શહેર ભાજપના પ્રમુખ શ્રી મહેન્દ્ર પટેલે (દાસ) આજે પત્રકારોને જણાવ્યું હતું.

દેશમાં કેટલાક સમયથી દેશ વિરોધી તત્વો દ્વારા દેશની એકતા અને અખંડિતતા જોખમાય તેવા ઈરાદાપૂર્વકના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેની સામે દેશની જનતાની રાષ્ટ્રવાદી લાગણીઓ પર કુઠરાઘાત થયો છે. આવા તત્વોને ખુલ્લા પાડવા આજે ભારત માતાની તસવીર સાથે ગૌરવકૂચનું તેમના પક્ષ દ્વારા આયોજન કરાયું છે.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા પણ ૬ એપ્રિલ ૨૦૧૬ બુધવારના રોજ સે. ૨૨ પંચદેવ મંદિરના પાછળના મેદાન ખાતેથી સાંજે ૪.૩૦ કલાકે આ કૂચનું આયોજન કરવામાં આવ્યું છે. આ કૂચમાં ગાંધીનગર મહાનગર ઉપરાંત ગાંધીનગર જિલ્લો તેમજ અમદાવાદ જિલ્લાના કાર્યકર્તાઓ તેમજ શુભેચ્છકો અંદાજે ૫૦૦૦ થી ૬૦૦૦ની મોટી સંખ્યામાં જોડાશે. સમગ્ર રૂટ ૩.૪૦ કિ.મી.ની થાય છે. જે કાર્યકર્તાઓ દ્વારા ૪-૪ની હરોળમાં શિસ્તબદ્ધ રીતે પદાશંચલન કરીને આવરી લેવામાં આવશે. કુચ શરૂ થતા પહેલા કાર્યકર્તાઓ પોતાના વોર્ડમાં રેલી સ્વરૂપે ફરી કૂચના સ્થળે

● અનુસંધાન પાન-૭ પર

૨૬માં વર્ષમાં મંગલ પ્રવેશ
ફળોના રાજા કેરી
રત્નાગીરી, હાફુસ કેરી તથા કેસર કેરી માટે મળો.
રહીમ ચાચા
પૂજા પાર્લરની બાજુમાં, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર,
સેક્ટર-૨૧, ગાંધીનગર
નોંધ : દર સોમવારે રાબેતા મુજબ દુકાન ચાલુ રહેશે.

નવભારત હોલીડેઝ
સમર વેકેશનમાં આપની રજાઓ માણો... નવભારત હોલીડેઝ સાથે
3 A.C. રેલ્વે કોચમાં કન્ફર્મ ટિકિટ
સસ્તી ગ્રુપ એર ટિકિટ
લેહ-લડાખ | દાર્જીલીંગ | ગંગટોક
કાશ્મીર | હિમાચલ | ચારધામ
કેરાલા | ગોવા | નેપાળ
પોર્ટ બ્લેર | ચારધામ | નૈનીતાલ
૬-૭, ગણેશ પ્લાઝા, ડે-નાઇટ સામે, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ
079-6199 9000, 2644 1555, 98258 04079